**પરિપત્ર**

પત્રક્રમાંક: મઉમશબ/માધ્યમિક/2021/ 6596
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, માધ્યમિક વિભાગ, ગાંધીનગર.

તા:- 27/01/2021

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક શાળાઓ
ગુજરાત રાજ્ય

**વિષય:-વર્ષ -2021 અને ત્યાર બાદ એસ.એસ.સી ની પરીક્ષા આપનાર રીપીટર વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ બાબત.**

સંદર્ભ :- (1) પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૯૬૯-૩૦૦૯ તા.૦૬/૧૦/૨૦૨૦
(2) પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૪૨-૮૩ તા.૧૯/૧૧/૨૦૨૦
(3) પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૮૮૨-૩૯૨ તા.૨૬/૧૧/૨૦૨૦

મહાશય,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુંકે, એસ.એસ.સી ધોરણ-10 માં જુન-2019 થી **02 હિન્દી (FL), 04 અંગ્રેજી (FL), 05 ઉર્દૂ (FL), 11 વિજ્ઞાન, 12** ગણિત વિષયોમાં NCERTનો અભ્યાસક્રમ અન્વયે નવા પાઠ્યપુસ્તકો અમલમાં આવેલ છે. આ અભ્યાસક્રમ સાથે પ્રથમ પરીક્ષા માર્ચ-2020 માં યોજવામાં આવેલ હતી.

માર્ચ-2020 પહેલાની પરીક્ષાના રીપીટર, ખાનગી રીપીટર વિદ્યાર્થીઓએ **02 હિન્દી (FL),04 અંગ્રેજી (FL), 05 ઉર્દૂ (FL), 11 વિજ્ઞાન, 12** ગણિત કે જ્યાં ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના જુના પુસ્તક મુજબ આ પાંચ વિષયમાં વર્ષ 2021 પૂરતી જ પરીક્ષા આપવાની તક આપવામાં આવે છે.

માર્ચ-2020 માં ઉપરોક્ત પાંચ વિષય સાથે નિયમિત ઉમેદવાર તરીકે પ્રથમ વાર પરીક્ષા આપેલ હોય અને માર્ચ -2020 તથા ઓગસ્ટ-2020 માં અનુત્તિર્ણ થયા હોય તેવા ઉમેદવારોએ નવા અભ્યાસક્રમ મુજબ (માર્ચ-2020 ની પરીક્ષાથી અમલમાં આવેલ હતો તે) પરીક્ષા આપવાની રહેશે.

માર્ચ-2020 પહેલાની પરીક્ષાના રીપીટર, ખાનગી રીપીટર વિદ્યાર્થીઓને માર્ચ-2020, ઓગસ્ટ-2020 માં જુના અભ્યાસક્રમ મુજબ તક આપેલ છે, જેથી હવે વર્ષ -2021 અને પૂરક પરીક્ષા-2021 સુધી જુના અભ્યાસક્રમ મુજબ પરીક્ષા માટે ઉપરોક્ત વિષયમાં જુના અભ્યાસક્રમ મુજબ તક મળશે. ત્યારબાદ વર્ષ -2022 થી આવા તમામ વિદ્યાર્થીઓએ નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાની રહેશે. જેથી ગુજરાતની નોંધાયેલ તમામ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી, તેમજ આપની શાળામાંથી પરીક્ષા આપતા/આપનાર આવા તમામ રીપીટર/ ખાનગી રીપીટર ઉમેદવારોને આ બાબતની જાણ થઇ જાય તેવી કાર્યવાહી કરવા વિનંતી.

નાયબ નિયામક (માધ્યમિક પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

---

**ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/3366**
**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી**
**બનાસકાંઠા, પાલનપુર**
**તા. 26 / 2 /૨૦૨૧**

**નકલ રવાના જાણ તથા અમલ સારૂં.**

**જિલ્લા શિક્ષણાધિકારી**
**બનાસકાંઠા, પાલનપુર**

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,**
**જિ.બનાસકાંઠા**

Scanned by CamScanner